## —: : ફોજદારી અપીલ નં.૧૨/૨૦૨૩ના કામે આંક ૫ તથા આંક ૬ લગત સંયુકત હુકમ : : —

(૧) આ કામના અરજદાર / એપેલન્ટ, મુળ આરોપી સામે માળીયા હાટીનાના વિ. જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં ફોજદાર કેસ નં.૨૦૩/૨૦૧૧ના કામે ભારતીય દંડ સહિતાની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨), ૩૨૩, ૪૨૭, ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ તથા આર્મ્સ એકટની કલમ ૩૦ મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ગુણદોષ ઉપર ચાલી જતા, માળીયા હાટીનાના વિ. જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ તા.૦૭/૦૨/૨૦૨૩ના રોજ ઠરાવ આપી, ક્રિ. પ્રો. કોડની કલમ ૨૪૮(૨) અન્વયે એપેલન્ટ / આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૨૩ સાથે વાંચતા કલમ ૧૪૯ તથા ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૭ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ છે, તે હુકમથી નારાજ થઈ, આરોપીએ અત્રેની અદાલતમાં ક્રિ. પ્રો. કોડની કલમ ૩૭૪ અન્વયે અપીલ દાખલ કરેલ છે અને હાલની અરજી સજાનો હુકમ મોકુફ રાખવા આપેલ છે અને એપેલન્ટ / આરોપીએ નીચેની અદાલતમાં સજાનો હુકમ મોકુફ રાખવા અરજી આપતા, સદરહું સજાનો હુકમ આંક ૪૯૯ લગત દિન—૩૦(ત્રીસ) સુધી મુલત્વી રાખવામાં આવેલ છે. હાલની અરજી અરજદાર / આરોપીએ તા.૧૩/૦૨/૨૦૨૩ના રોજ મુદ્દતમાં કરેલ છે, જેથી માળીયા હાટીનાના જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ તા.૦૭/૦૨/૨૦૨૩ના રોજ આપેલ ઠરાવ અને હુકમની અમલવારી અપીલનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી મોકુફ રાખવા અને એપેલેન્ટને જામીન મુકત કરવા માંગણી કરેલ છે. એપેલન્ટ / આરોપી તરફે નામદાર નીચેની અદાલતનો ચૂકાદો તથા દંડની રકમ ભર્યાની પહોંચની નકલ રજુ કરેલ છે.

(૨) સદર કામે રીસ્પોન્ડન્ટ શ્રી સરકારને નોટિસ કરતા, વિ. પી. પી. શ્રી એન. કે. પુરોહિત હાજર થયેલ છે.

(૩) એપેલન્ટ / આરોપી તરફે વિ. પ્રોકસી વ. શ્રી બી. એમ. માંગુકીયાને તથા રીસ્પોન્ડન્ટ તરફે વિ. પી. પી. શ્રી એન. કે. પુરોહિતને સાંભળ્યાં. નીચેની અદાલતનો હુકમ તથા ચૂકાદો વંચાણે લીધો.

(૪) આ કામે એપેલન્ટે આંક ૫ તથા આંક ૬ થી નીચેની કોર્ટે તા.૦૭/૦૨/૨૦૨૩ના રોજ આંક ૪૯૮થી ફરમાવેલ તકસીરવાન ઠરાવતો હુકમ તથા ફરમાવેલ સજાને મોકુફ રાખવા અંગેની હાલની અપીલ સહિત ઉપરોકત બંને આંકથી અરજ ગુજારેલ છે. અલબત આંક ૫ ની અરજીને ધ્યાને લેતાં, અરજદાર / એપેલન્ટે તેની અરજીમાં કયાંય સેન્ટન્સ સ્ટે કરવાની પ્રેયર કરેલ નથી. વધુમાં આંક ૫ ની અરજીના પારા–૫ ની દાદને ધ્યાને લેતાં પણ કયાંય સેન્ટન્સ સ્ટે કરવાની દાદ માગેલ નથી. ઉલટમાં વિ. જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીનો આખો હુકમ સ્ટે કરવાની દાદ માગેલ છે.

(૫) તે જ રીતે આંક ૬ ની અરજીને ધ્યાને લેતાં, તેમાં પારા–૧૬ની દાદને ધ્યાને લેતાં, તેમાં ૧૬(એ)થી સેન્ટન્સ અને કન્વીકશન બંને એક સાથે સસ્પેન્ડ કરવાની દાદ માગેલ છે.

(૬) વધુમાં આંક ૧૩થી અરજદાર / એપેલન્ટે પુરસીશ આપીને જાહેર કરેલ છે કે, આંક ૫ તે સસ્પેન્શન ટુ સેન્ટન્સ માટેની અરજી છે તથા આંક ૬ તે સસ્પેન્શન ઓફ કન્વીકશન માટેની અરજી છે, તેથી વધુ પડતી ટેકનાલીટીની ચર્ચા નહી કરતા, બંને અરજીઓ લગત સંયુકત હુકમ ફરમાવવાની અત્રે આવશ્યકતા ઉભી થયેલ છે.

(૭) એપેલેન્ટ / અરજદાર તરફે વિ. વ. શ્રી માંગુકીયાને સાંભળ્યાં, સરકારી વકીલશ્રી પુરોહિતને સાંભળ્યાં. આંક ૧૨ લગત રજુ થયેલ અરજદાર તરફે લેખિત વાંધાઓ ને ધ્યાને લીધા.

(૮) એપેલેન્ટ / અરજદાર તરફેના વિ. વ. શ્રીની મુખ્યત્વે દલીલ એવી છે કે, વિ. જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીનો હુકમ ધ્યાને લેતાં, કોઈ સબસ્ટેન્શીયલ પુરાવો નહી હોવા છતાં, પુરાવાઓનું પુર્ણ રીતે મુલ્યાંકન કરેલ નથી અને હાલના અરજદાર / એપેલેન્ટ વર્તમાન ધારાસભ્ય અને નગરપાલિકા, ચોરવાડના સદસ્ય હોવાથી તેઓની વિરૂધ્ધ પસાર કરેલ હુકમ સ્ટે કરવો જોઈએ. તે માટેની સમગ્ર દલીલો વિ. વ. શ્રીએ આંક ૪૯૮ના ચૂકાદાને ધ્યાને રાખીને તથા તેને લગત કરેલ છે.

(૯) સરકારી વ. શ્રી પુરોહિતને સાંભળ્યાં, સરકારી વકીલશ્રીએ ઉગ્ર વિરોધ કરતા જણાવેલ છે કે, આંક ૫ અરજીને ધ્યાને લેવા જઈએ તો, કયાંય આંક ૫ ની અરજીનું

કારણ જણાવેલ નથી, તેથી આંક ૫ ની અરજી લગત કોઈ હુકમ ફરમાવી શકાય નહી અને હાલની અરજીનો ઉગ્ર વિરોધ કરેલ છે.

(૧૦) બંને પક્ષને લંબાણપૂર્વક સાંભળ્યાં બાદ મારૂ મંતવ્ય નીચે મુજબ જણાવું છું,

(૧) આંક ૫ માં કોઈ મહત્વની દાદનો એપેલેન્ટે ઉલ્લેખ કરેલ નથી, પરંતુ આંક ૬ ની અરજી લગત કન્વીકશન અને સેન્ટન્સ અપીલ પીરીયડ સુધી સસ્પેન્ડ કરવાની દાદ માગેલ છે. વધુમાં આંક ૧૩થી એપેલેન્ટે પુરસીશથી જાહેર કરેલ છે, તેથી તે બાબતની વિશેષ ટેકનાલીટીમાં નહી પડતા હાલની અરજી સંદર્ભે નીચે મુજબ વધુ ચર્ચા કરવામાં આવે છે.

(૧) આ કામે આંક ૬ ની અરજીમાં જે સેન્ટન્સ અને કન્વીકશન સસ્પેન્ડ કરવાની જે માંગણી કરવામાં આવેલ છે, તે માંગણી સંદર્ભે એપેલન્ટ / અરજદારે માત્ર જજમેન્ટના આધારે અને જજમેન્ટમાં વર્ણવેલા પારા સબંધી દલીલ કરેલ છે અને જણાવેલ છે કે, હાલના અરજદાર વર્તમાન ધારાસભ્ય અને ચોરવાડ, નરગપાલિકાના નગર સેવક હોવાથી તેઓને નગરપાલિકાનું ઈલેકશન લડવામાં તકલીફ ન પડે તેવા હેતુંથી કન્વીકશન સ્ટે કરવાની માગણી કરેલ છે.

(૨) ઉપરોકત માંગણી સંદર્ભે ચર્ચા કરીએ તો કલમ ૩૮૯ની જોગવાઈઓને ધ્યાને લેવામાં આવે તો, **રમેશ નારંગ વિરૂધ્ધ રમા નારંગ ૧૯૯૫ ક્રિમિનલ લો જનરલ પેઈજ–૧૬૮૫(બોમ્બે)**માં નામદાર સર્વોચ્ચ અદાલતે આદેશ કરેલ છે કે, કલમ ૩૮૯ની જોગવાઈને ધ્યાને લેતાં, ગુનેગાર ઠરાવવાનું (કન્વીકશન) સ્થગિત કરવાની સત્તાનો ફર્સ્ટ એપેલેટ કોર્ટ પાસે પાવર નથી અથવા સમાવેશ થતો નથી.

(૩) તે જ રીતે **બેન્જામીન ખીરો વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા ૧૯૯૫ ક્રિમિનલ લો જનરલ પેઈજ ૧૬૮૨(ઓરીસ્સા)**માં નામદાર વડી અદાલતે ઠરાવેલ છે કે, કલમ ૩૮૯(૧)માં અથવા બીજી કોઈપણ કલમ હેઠળ ગુનેગાર ઠરાવવાના આદેશને સ્થગિત કરી શકાય નહી, તેના માટે ફુલ ફલેજ અપીલ સાંભળવી પડે, માત્ર આરોપીને જેલમાં જતો અટકાવી શકાય.

(૪) વધુમાં **એમ. એસ. રેડ્ડી વિરૂધ્ધ સ્ટેટ ઈન્સ્પેકટર, ૧૯૯૩ ક્રિ. લો. જ., પેજ–૫૫૫૮**માં નામદાર વડી અદાલતે ઠરાવેલ છે કે, ફોજદારી કાર્યવાહી સંહિતામાં અથવા અન્ય કોઈ કાયદા હેઠળ કે નિયમ હેઠળ અપીલની સુનાવણીની બાકીમાં ગુનેગાર ઠરાવવાનો(કન્વીકશન) સ્થગિત કરવાની કોઈ જોગવાઈ કરવામા આવેલ નથી, માત્ર કલમ ૪૮૨ હેઠળ નામદાર વડી અદાલતને એક સાથે બંને સ્થગિત કરવાનો પાવર આપવામાં આવેલ છે.

(૫) હાલમાં જયારે ટ્રાયલ કોર્ટનું રેકર્ડ મંગાવવા માટે **કોલ ફોર રેકર્ડનો હુકમ કરવામાં આવેલ નથી કે ટ્રાયલ કોર્ટના પ્રોસીડીંગ્સ** હાલની કોર્ટ સમક્ષ આવેલ નથી અને તેમ છતાં, કન્વીકશન સ્ટે કરવાની માંગણી એપેલન્ટની તે હાલના તબકકે અજુગતી જણાય છે.

(૬) વધુમાં એપેલન્ટે તેની દલીલના સમર્થનમાં **૨૦૧૮(૧૮) સુપ્રિમ કોર્ટ કેસીસ, પેજ–૧૧૪, લોકપ્રહરી વિરૂધ્ધ ઈલેકશન કમિશ્નર ઓફ ઈન્ડીયાનો** Ss 389 and 374 ચૂકાદો રજુ કરેલ છે અને તેના ઉપર આધાર રાખતા દલીલ કરેલ છે કે,

નામદાર સર્વોચ્ચ અદાલતે એમ ઠરાવેલ છે કે,

B.Criminal Procedure Code, 1973 Ss 389 and 374- Power of appllate court under S.389 CrP.c.-Scop-Power thereundger to stay a conviction-When may be exercised.

(૭) ઉપરોકત સાઈટેશનને સંપુર્ણ માન અને આદર સહિત હાથ પરના કેસ માટે લાગું પાડી, ચર્ચા કરતા, ઉપરોકત સાઈટેશન હાથ પરના કેસને એટલા માટે લાગું પડતું નથી કે, સદરહું સાઈટેશન એ અરજદારના ડિસ્કવોલીફીકેશનની વાત જયારે હોય, ત્યારે લાગું પડી શકે, પરંતુ હાલના કેસમાં એવી કોઈ જરૂરીયાત રહેતી નથી, કારણ કે, અરજદારની તેના નગરસેવક તરીકેની ફરજને ધ્યાને લેવા જઈએ તો, હાલમાં તે ધારાસભ્ય તથા નગરસેવક તરીકે ચાલું જ છે. નગરસેવક તરીકેની તેની ટર્મ પુરી થાય અને ફરીથી નગરસેવાનું ઈલેકશન આવે તેવા ઈલેકશનની હજું કોઈ તારીખ ઈલેકશન કમિશ્નર

મારફતે જાહેર કરવામાં આવેલ નથી. વધુમાં હજુ જસ્ટિસ ઝવેરી કમીશનનો જયાં સુધી રીપોર્ટ ન આવે, ત્યાં સુધી નગરપાલિકાનું ઈલેકશન ડીકલેર થવાની સંભાવના પણ રહેતી નથી અને હજુ થોડા સમય અગાઉ જસ્ટિસ ઝવેરી કમીશનની મુદ્દત પણ જયારે સરકાર તરફથી લંબાવવામા આવેલ છે, ત્યારે આવો બચાવ લઈને એપેલન્ટે જે દલીલ કરેલ છે તેને ગ્રાહય રાખી શકાય નહીં.

(૧૧) વધુમાં આ કામે જયારે ફરિયાદીએ પોતે પણ ફોજદારી અપીલ નં.૧૫/ ૨૦૨૩થી ક્રિ. પ્રો. કોડની કલમ ૩૭૮(૧) અન્વયે આરોપીને થયેલ સજા વધારવા વાસ્તે પણ અપીલ કરેલ હોય અને હજુ તેમને સાંભળવાના બાકી હોય, ત્યારે કોઈપણ પ્રકારની તાતી જરૂરીયાત વગર આ રીતની આખી કન્વીકશન સ્ટે કરવાની એપેલન્ટ / અરજદારની માગણી તદ્દન બિનજરૂરી હાલના તબકકે જણાય છે.

(૧૨) વધુમાં ઉપરોકત ચર્ચાના અનુસંધાને જયાં સુધી આખી અપીલ સંભળાય નહી, ત્યાં સુધી અને નામદાર વડી અદાલતના સાઈટેશન **રે/સ્પેશ્યલ ક્રિમિનલ અપીલ નં.૨૯૦૪/૨૦૧૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ ભગાભાઈ ધાનાભાઈ બારડના તા.૨૭/૦૩/૨૦૧૯**ના રોજ નામદાર વડી અદાલતે આપેલ આદેશને ધ્યાને લેતાં, હાલમાં જયારે નીચેની કોર્ટનું રેકર્ડ મંગાવવાનું બાકી છે અને આખી અપીલ સાંભળવાની બાકી છે, ત્યારે કારણો નોંધ્યા વગર કન્વીકશનનો ઓર્ડર સ્ટે કરી શકાય નહી.

(૧૩) પરંતુ અપીલ ચાલતા અને નીચેની કોર્ટનું રેકર્ડ મંગાવવામાં અને અત્રેની કોર્ટ સુધી આવવામાં સમય જતો રહે તેવી શકયતા રહેતી હોવાથી, માત્ર આરોપીને ઈમ્પ્રીઝન્મેન્ટમાં જતો અટકાવવાના હેતુંસર માત્ર સેન્ટન્સ પુરતો નીચે મુજબનો આખર હુકમ કરવામા આવે છે.

## – : : હુ ક મ : : –

(૧) માળીયા હાટીનાના વિ. જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસે કેસ નં.૨૦૩/ ૨૦૧૧ લગત તા.૦૭/૦૨/૨૦૨૩ના રોજ આંક ૪૯૮ લગત કરેલ હુકમ જે આંક ૪૯૯ની એપેલન્ટ / આરોપીની જેલમાં જતા અટકાવવા પુરતી (સેન્ટન્સ) મોકુફ રાખવાની

અરજી લગત કરેલ હુકમ આથી નીચેની શરતોને આધીન અપીલ પીરીયડ સુધી લંબાવી આપવામા આવે છે.

(૨) સેન્ટન્સ મોકુફ રાખવાની માંગણી સિવાયની સદરહું બંને અરજીઓ લગત કરેલ કન્વીકશન મોકુફ રાખવાની માંગણીઓ આંક ૧ સાથે સાંભળવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૩) ફરિયાદી તરફે દાખલ કરવામાં આવેલ ફોજદારી અપીલ નં.૧૫/ ૨૦૨૩ ને પણ આ કામ સાથે સંયુકત સાંભળવાનો આથી હુકમ ફરમાવવામાં આવે છે.

(૪) એપેલન્ટ / આરોપીએ વધારાના રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા)ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતજામીન આપવાના રહેશે.

(૫) ટ્રાયલ કોર્ટનું રેકર્ડ આવી ગયેથી બિનજરૂરી મુદતો નહી માગતાં ઝડપથી અપીલનું હિયરીંગ કરવાનું રહેશે.

(૭) એપેલન્ટ / આરોપીએ અપીલના આખરી નિકાલ સુધી કોઈ ગુનાહિત પ્રવૃતિ કરવી નહીં અને ફરિયાદ પક્ષને, ફરિયાદ સબંધી કોઈ મનદુઃખ રાખી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધાક–ધમકી આપવી નહી.

(૮) એપેલન્ટ / આરોપીએ જામીન આપતી વખતે પોતાના રહેઠાણનું પાકું અને કાયમી સરનામું પુરૂ પાડવું અને જો તેમાં કોઈ ફેરફાર થાય તો અત્રેની અદાલતમાં જાણ કરવી તથા પોતાનો મોબાઈલ નંબર તથા આધાર કાર્ડ નંબર જાહેર કરવો.

(૯) આ હુકમની એક નકલ આંક ૬ હેઠળ રાખવી.

આ હુકમ આજ તારીખ છઠ્ઠી માહે માર્ચ, સને ૨૦૨૩ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.કેશોદ,

( મિલન ગિરીશચંદ્ર દવે )
એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
કેશોદ.
જીજે૦૦૫૨૨.

તા.૦૬ / ૦૩ / ૨૦૨૩.